# જીએસીએલ એજ્યુકેશન સોસાયટી અને વડોદરા મ્યુ.કોર્પો. દ્વારા હેરિટેજ વોકનું આયોજન

વડોદરા,તા.૭

વડોદરાની કલા, સંસ્કૃતિ અને વારસાને પ્રમોટ કરવા વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોન ઈવેન્ટ દરમિયાન જીએસીએલ એજ્યુકેશન સોસાયટી (ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડની સીએસઆર-પાંખ) દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને કોઠી સેક્ટર હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું. શહેરમાં આયોજીત આ પ્રથમ હેરિટેજ વોકમાં વિવિધ ક્ષેત્રના૩૫જેટલા લોકોએ ભાગ લીધો હતો. આ હેરિટેજ વોકમાં વીએમસી હેરિટેજ સેલના ઓફિસર ઓન સ્પેશ્યિલડ્યુટી રાજેન્દ્ર શાહે માર્ગદર્શન આપ્યું.

આ હેરિટેજ વોકમાં ઐતિહાસિક, સ્થાપત્યલક્ષી અને વારસાગત રીતે મુલ્યવાન ૮ મહત્વનાં સ્મારકોને આવરી લેવાયાં હતા. તેમાં કોઠી કચેરી,જયસિંગરાવ લાઈબ્રેરી, ગવર્મેન્ટ રેકોર્ડ રૂમ, કોઠી સેક્ટરીયેટલ મામાની પોળ, સૂર્યનારાયણ મંદિર, તાંબેકર વાડા, મજમુદાર વાડા અને ઓરોબિંદો આશ્રમનો સમાવેશ કરાયો. આ સ્મારકોની ઐતિહાસિક અને વારસાગત માહિતી આ વોકમાં સામેલ લોકોને આપવામાં આવી.

આ વોકમાં સામેલ થનારા લોકોને આગામી વડોદરા બાય ફૂટ (વડોદરા પગે ચાલીને) વેબસાઈટની રજુઆત વિશે પણ માહિતી આપવામાં આવી જેના અંતર્ગત લોકો શહેરના ભવ્ય વારસા અને સંસ્કૃતિ વિશે માહિતી મેળવી શકશે. આનાથી તાલીમબધ્ધ સંયોજકો સાથે કસ્ટમાઈઝડ વોકસનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત ૧૮ વર્ષથી ઉપરના વયજૂથના લોકો સ્વયંસેવક તરીકે નોંધણી કરાવીને ગાઈડ તરીકે, યોગદાન આપવા માટે, માહિતી સાહિત્ય કે અનુભવોની વહેંચણી કરવા માટે કે અન્ય રીતે આ પહેલમાં જોડાઈ શકે છે.